# અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ
# વેરાવળ

## સુગમ સંગીત નો અભ્યાસક્રમ

## અને

## લોકસંગીત નો અભ્યાસક્રમ

# અનુક્રમણિકા


1. પ્રસ્તાવના
2. સંસ્થાનો પરિચય
3. સંસ્થાની માન્યતા અંગેની દફતરી વિગત
4. પરિક્ષા ના નિયમો
5. લેખિત પરીક્ષા ની પધ્ધતિ અને વિવરણ
6. સુગમ સંગીતનો અભ્યાસક્રમ ગીત પરિચયગાન થી ગીત શિક્ષાગાન સુધી (ગાયન તથા વાદન)

# સુગમ સંગીતનો અભ્યાસક્રમ

## પ્રસ્તાવના

વિદ્યાર્થી જીવનમાં "યુવક મહોત્સવ", "યુનિવર્સીટી યોગ મહોત્સવ" અન્ય શૈક્ષણીક સંસ્થાઓ, સામાજીક સંસ્થાઓ દ્વારા આયોજીત વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવાનું થતું ત્યારે ગીતના પ્રકારોમાં લોકગીત, લગ્નગીત, સુગમગીત, હળવુ કંઠયગીત, ભજન, રાસગરબા વગેરે ગાતી વખતે બધુ જ અલગ અલગ લાગતુ પરંતુ આજે સુગમ સંગીત વિષયનું તલસ્પશી વાચન કરતા લાગે છે કે વાસ્તવમાં બધુય એક જ છે. એટલા માટે મે અભ્યાસક્રમમાં એક જગ્યાએ લખ્યુ છે કે તમામ સંગીતનો સરવાળો કરીએ તો સુગમ સંગીત કહેવાય. આ વાતની પ્રતીતી મને આજે થઈ.

સુગમ સંગીત માટે મહારાષ્ટ્રની કેટલીક સંસ્થાઓ બંધારણ અને નિયમો વીના સુગમ સંગીતની પરીક્ષાઓ લઈ ને સર્ટીફીકેટો આપે છે. આ વસ્તુ નજરે નિહાળી ને દુઃખ થયુ એટલે આપણી સંસ્થા "**અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ વેરાવળ**" સરકારશ્રીના 1966 ના શિક્ષણ અને મજુર વિભાગના ઠરાવ અન્વયે માન્યતા ધરાવે છે. આ સંસ્થા નીચે 130 સંગીત અને નૃત્યના કેન્દ્રો ચાલે છે. એટલે મને થયુ કે સુગમ સંગીત ગાનાર મિત્રો ઘણા બધા છે પરંતુ આવી સફળ અને સુવ્યવસ્થિત કલાને પ્રમાણપત્ર આપનાર કોઇ નથી એટલે સુગમ સંગીત વિષયક મંથન કરી અભ્યાસક્રમ યોજવાનું નક્કી કર્યું તેમાં કેટલાક મિત્રો એ સાથ પણ આપ્યો જેમાં બી.કે.માંડવીયા જામનગર, મેહુલભાઈ શેઠ મોરબી, નીતાબેન મોદી નડિયાદ, વિઠ્ઠલભાઈ સાવલીયા અમદાવાદ, શાંતીલાલ જેઠવા સાહેબ અમરેલી, વગેરે.... આ રીતે આ ઉપરાંત આપ સર્વ કેન્દ્ર વ્યવસ્થાપકશ્રીઓની શુભ ભાવનાને લઈને સુગમ સંગીતનો અભ્યાસક્રમ રચવાનો નિર્ધાર કર્યો. એટલે આપ સર્વ તેમાં સાથ સહકાર આપશો તેમાં મને જરાપણ શંકા નથી. અભ્યાસક્રમ ની

બાકી ની વિગત, અભ્યાસક્રમના ઉદ્દેશો તેનું પરીક્ષાલક્ષી માળખું, પરીક્ષાનો ક્રમ, ગુણભાર, વગેરે અભ્યાસક્રમની બુકમાં આપેલ છે. જે આપ સર્વની જાણ માટે.

લી.

અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ વેરાવળ
મેનેજીંગ ટ્રસ્ટીશ્રી
મનિષભાઈ પુંજાભાઇ મકવાણા (B.A.B.ed
M.A. સૌરાષ્ટ્ર યુનીવસીર્ટી રાજકોટ)
વિશારદ પુર્ણ ગાંધર્વ મહાવિદ્યાલય બોમ્બે,
શિક્ષા વિશારદ ગાંધર્વ મહાવિદ્યાલય
બોમ્બે, શિક્ષા સનદ બૃહદ ગુજરાત સંગીત
સમીતી અમદાવાદ)

# સંસ્થાનો પરિચય

શાળા સમય દરમ્યાન સંગીત શિક્ષણ લેતી વખતે સંગીતના તજજ્ઞોની કેટલીક બાબતો અરુચીકર લાગતા એવી કોઇ સંપૂર્ણ પણે ન્યાયી વ્યવસ્થા ધરાવતી સંસ્થા ઊભી કરી હોય તો કેમ? આ પ્રશ્ન મનમાં સતત થયા કરતો પરંતુ નાની ઉંમર અને વિચાર મોટો હોવાથી અને સંસ્થા શરૂ કરવાના નીતિ નિયમોથી અજાણ હોવાથી આ કાર્ય થઈ શક્યું નહિ. પરંતુ મનમા ઘુટાતો પ્રશ્નોનું નિરાકરણ 2002 માં "**અંધજન સેવા ટ્રસ્ટ વેરાવળ**" નામની સંસ્થા શરૂ કર્યા થી મનમાં સંતોષ પ્રાપ્ત કર્યાની આંક્ષીક લાગણી અનુભવી પરંતુ સ્વપ્નુ સાકાર તો 2008 માં સરકારશ્રીની માન્યતા મેળવી અને યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતી નાટય એકાદમી વિભાગ, જીવરાજ મહેતા ભવન જુના સચ્ચીવાલય શિક્ષણ અને મજૂર વિભાગના 1966 ના ઠરાવ મુજબ માન્યતા મેળવ્યાથી વાસ્તવિક સ્વપ્નું સાકાર થયું

"અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ વેરાવળ" દ્વારા ગાયન, વાદન, નૃત્ય, તબલા, અને  સુગમ સંગીત નો અભ્યાસક્રમ શરૂ કરતાં હું ખુબ જ મારી જાત ને ધન્ય અનુભવું છુ. આ સંસ્થા માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ દેશ અને દુનિયામાં 130 (એકસો ને ત્રીસ) કેન્દ્રો પ્રસ્થાપીત કરી પારદર્શક વહીવટ ચલાવે છે.

આ સંસ્થા નીચે અન્ય સામાજીક પ્રવૃતિઓ પણ કરવામાં આવે છે જેવી કે, મહિલા કેળવણી કેન્દ્ર, બ્રેલ પુસ્તકાલય, અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ વેરાવળ. દિવ્યાંગોના ઉત્થાન માટે હરહંમેશ કાર્યશીલ રહે છે.

સંસ્થાનો મૂળ હેતુ યુવાવર્ગમાં તથા કલાકારો, કલા તજજ્ઞો, કલા ગુરુઓ તથા વિદ્યાર્થીઓના જીવનને સંગીત તરફ વાળીને રોજી રોટી મેળવવાનો ઉમદા હેતુ છે.

સુગમ સંગીતનો અભ્યાસક્રમ શરૂ કરવા પાછળનો મહત્વનો ઉદ્દેશ એ છે કે સમાજમાં ગવાતા અનેક વિધ ગીતો ને પરીક્ષા મા ગુંથીને પ્રમાણપત્ર પ્રદાન કરી

સુગમ સંગીત ના કલાકારો ને પ્રોત્સાહિત કરી કાયમી માટે પોતાની કલાનો લેખિત દસ્તાવેજ પ્રસ્તુત રહે એ માટે સંસ્થા હંમેશા પ્રયત્નશીલ રહેશે.

**વહિવટી અધિકારીશ્રી**
**મેહુલભાઈ ડી. શેઠ**

**મેનેજીંગ ટ્રસ્ટીશ્રી**
**મનિષભાઈ પુંજાભાઈ મકવાણા**

# સંસ્થાની માન્યતા અંગેની દફતરી વિગત

## ISO 9001:2015, 10002:2014

1. સંસ્થાના રજી.નં : E-950 ચેરીટી કમિશનર જિ. ગીર સોમનાથ તથા અગાઉના રજી.નં E-5053 ચેરિટી કમિશનર જિ.જૂનાગઢ
2. કલા સંસ્થા ક્રમાંક 207 ગુજરાત સરકાર ગાંધીનગરના શિક્ષણ અને મજુર વિભાગના ઠરાવ ક્રમાંક એમ.યુ.એસ. 1066-15364- ગ.તા. 30-06-1966 ની માન્ય થયેલ નિયમોને આધીન રહીને અંધજન સેવા ટ્રસ્ટ વેરાવળ સંચાલિત અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠનો માહે ઓકટોબર 2008 થી માન્યતા પ્રાપ્ત થયેલ છે.
3. ઇન્કમ ટેક્ષ રજી.નં. ૩/૧૨, એ/૧૩૦, રાજકોટ
4. સંસ્થાના પાન નંબર AAATA 8250E.
5. 80G કલમ અનુસાર કરમુકત કરેલ છે.
6. સંસ્થાના બેંક ખાતા નં. BOI 331210100018638, IFSC CODE: BKID0003312

   અંધજન સેવા ટ્રસ્ટ - વેરાવળ
7. તા. 09/07/2002 વિકલાંગ ધારા 1995 અન્વયે રજી.નં.396, ગુજરાત સરકાર, ગાંધીનગર.

# પરિક્ષાના નિયમો

અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ દ્વારા લેવાનાર સુગમસંગીત ની ગીત પરિચય પરીક્ષાથી શરૂ કરીને ગીત પારંગત સુધીની પરીક્ષાઓ લેવામાં આવશે. આ ઉપરાંત "ગીત શિક્ષા" ની પરીક્ષા પણ લેવામાં આવશે. આમ કુલ મળીને આઠ પરીક્ષાઓ થાશે.

1. ગીત પરીચય ગાન
2. ગીત સંગીત ગાન
3. ગીત ગુંજન ગાન
4. ગીત તરંગ ગાન
5. ગીત રંજન ગાન
6. ગીત ગૌરવ ગાન
7. સંગીત પારંગતગાન
8. સંગીત શિક્ષાગાન

**નિયમો** :-

- સુગમ સંગીત માં ગાયન અને વાદનની પરીક્ષા આપી શકાશે.
- પરીક્ષા આપનાર પરીક્ષાર્થી કોઇપણ વાદ્યની સંગતી કરી શકશે.
- પરીક્ષાર્થી એ દરેક પરીક્ષામાં ગાવાનાં ગીતો કંઠસ્થ કરીને (મોઢે) ગાવા.
- સુગમ સંગીતની પરીક્ષા આપનાર વિદ્યાર્થીએ કોઇપણ કલાગુરૂ અથવા સંગીત શિક્ષક પાસે જ તાલીમ લેવી અનિવાર્ય છે.
- પરીક્ષાના આવેદનપત્ર માં કલાગુરૂની સહી કરાવવી આવશ્યક છે.
- પરીક્ષાવાર આપેલ અભ્યાસક્રમના ગીતો ગાવાના રહેશે. પણ એક પરીક્ષાના ગીતો અન્ય પરીક્ષાઓમાં રિપિટ કરશો નહીં.
- સુગમ સંગીતના અભ્યાસક્રમની એક થી ત્રણ પરીક્ષાઓ ૬ મહિના ને ગાળે (અંતરે) આપી શકાશે. બાકીની પરીક્ષાઓનો સમયગાળો એક વર્ષનો રહેશે.
- જરૂર જણાય ત્યારે કેન્દ્ર વ્યવસ્થાપકને ગાવાના ગીતોનું લીસ્ટ (યાદી) લખીને આપવાની રહેશે.
- કેન્દ્ર વ્યવસ્થાપકશ્રીએ ગોઠવેલ પરીક્ષાના સમય મુજબ ઉપસ્થિત રહેવું પડશે.

- પરીક્ષામાં ઉપસ્થિત ન રહેનાર ઉમેદવાર ગેરહાજર ગણાશે.
- આ અભ્યાસક્રમમાં આપેલ શાસ્ત્રીય સંગીતના રાગો કરવા ફરજીયાત છે.
- આ સુગમ સંગીતના અભ્યાસક્રમમાં આપેલ પરીક્ષાઓ ઉપરાંત અન્ય પરીક્ષાઓ ભવિષ્યમાં આવી શકે છે.
- સુગમ સંગીતના આવેદનપત્રો ઓછામાં ઓછા દસ આવેદનપત્રો ભરવા ફરજીયાત છે.
- અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ ના નીતિ નિયમો નું કેન્દ્ર વ્યવસ્થાપક તથા વિદ્યાર્થીઓએ પાલન કરવાનું રહેશે.
- સુગમ સંગીતની પરીક્ષાઓ પણ એપ્રિલ-મે અને નવેમ્બર – ડિસેમ્બરમાં લેવાશે સુગમ સંગીત ની પરિક્ષામાં શૈક્ષણીક લાયકાતનું કોઇ બંધન નથી પરંતુ અક્ષરજ્ઞાન અપેક્ષિત છે.
- આ પરીક્ષામાં ઉંમરનો કોઇ બાદ નથી
- આ પરીક્ષામાં ભાષા, લીંગ, ધર્મ, અને જ્ઞાતી નો કોઇ ભેદ નથી.
- આ પરીક્ષા માં પરીક્ષાવાર પ્રમાણપત્રો આપવામાં આવશે.
- સુગમ સંગીતની પરીક્ષા આપવાથી સંસ્થા નોકરી, કે અન્ય કોઇ પ્રલોભનો આપતી નથી એટલુ જ નહીં પણ નોકરી આપવવાનો દાવો પણ કરતી નથી.
- સુગમ સંગીતની કોઇપણ બાબત વિષયક કાનુની કાર્યવાહી માત્ર ને માત્ર વેરાવળ મુકામે જ થશે.

# લેખિત પરીક્ષાની પધ્ધતિ અને વિવરણ

સુગમ સંગીત અભ્યાસ ક્રમમાં કુલ મળીને આઠ પરીક્ષાઓ થશે. તે પૈકી પેલી,બીજી,ત્રીજી,ચોથી અને પાંચમી પરીક્ષાઓ સુધી લેખિત પરીક્ષા લેવામાં નહીં આવે પણ ઉપર જણાવેલી પાંચ પરીક્ષાઓમાં પ્રાયોગિક પરીક્ષા સાથે મૌખિક પરીક્ષા લેવામાં આવશે. જેનો પરીક્ષાવાર મૌખિક ગુણભાર નીચે મુજબ છે.

**મૌખિક પરીક્ષા ગુણભાર**

| ક્રમ | મૌખિક પરીક્ષા | મૌખિક ગુણ | પ્રાયોગિક ગુણ | કુલ ગુણ |
|---|---|---|---|---|
| 1 | ગીત પરીચય ગાન | 10 | 40 | 50 |
| 2 | ગીત સંગીત ગાન | 15 | 60 | 75 |
| 3 | ગીત ગુંજન ગાન | 20 | 80 | 100 |
| 4 | ગીત તરંગ ગાન | 25 | 100 | 125 |
| 5 | ગીત રંજન ગાન | 50 | 100 | 150 |

**લેખિત પરીક્ષા :-**

સુગમ સંગીત ની પરીક્ષાઓ માંથી છઠી,સાતમી અને આઠમી પરીક્ષાઓમાં લેખિત પરીક્ષા લેવામાં આવશે એટલે લેખિત પરીક્ષા તથા પ્રાયોગિક પરીક્ષા નો ગુણભાર નીચે મુજબ છે.

**લેખિત પરીક્ષા ગુણભાર**

| ક્રમ | લેખિત પરીક્ષા | લેખિત પરિક્ષા ગુણ | પ્રાયોગિક પરીક્ષા ગુણ | કુલ ગુણ |
|---|---|---|---|---|
| 1 | ગીત ગૌરવ ગાન | 50 | 150 | 200 |
| 2 | ગીત પારંગત ગાન | 100 | 200 | 300 |
| 3 | ગીત શિક્ષા ગાન | 100 | 200 | 300 |

**ઉપરોકત પરીક્ષાક્રમ નીચેની પરીક્ષા સમકક્ષ ગણાશે જેમકે,**

1. ગીત પરીચય ગાન = સંગીત પ્રારંભીક
2. ગીત સંગીત ગાન = સંગીત પ્રવેશિકા પ્રથમ
3. ગીત ગુંજન ગાન = સંગીત પ્રવેશિકા પૂર્ણ
4. ગીત તરંગ ગાન = સંગીત મધ્યમા પ્રથમ
5. ગીત રંજન ગાન = સંગીત મધ્યમા પૂર્ણ
6. ગીત ગૌરવ ગાન = સંગીત વિશારદ પ્રથમ
7. સંગીત પારંગત ગાન = સંગીત વિશારદ પૂર્ણ
8. સંગીત શિક્ષા ગાન = સંગીત શિક્ષા વિશારદ

**નોંધ** ઉપરોકત સુગમ સંગીતની પરિક્ષાઓમાં અન્ય કોઈપણ પરીક્ષાનું સમકક્ષ ધોરણ પ્રમાણપત્રમાં લખવામાં આવશે નહિં.

➢ **લેખિત પરીક્ષાનું વિવરણ :-**

સુગમ સંગીત ના અભ્યાસક્રમમાં એક થી પાંચ પરીક્ષામાં લેખિત પરીક્ષા લેવામાં આવતી નથી. પણ માત્ર પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવશે. તેમાં મૌખિક ગુણનો સમાવેશ થઈ જશે. જ્યારે છઠી પરીક્ષાથી લેખિત પ્રશ્નપત્ર શરૂ થશે. આ લેખિત પરીક્ષાઓ ગાયન,વાદન અને નૃત્યની પરીક્ષાઓ સાથે થાશે. સામાન્ય રીતે લેખિત પરિક્ષાનો સમય 50 ગુણ માટે બે કલાક અને 100 ગુણ માટે ત્રણ કલાકનો રહેશે લેખિત પરિક્ષાઓ એપ્રિલ – મે સત્ર માટે એપ્રિલ મહિનાના કોઇપણ રવિવારે રાખવામાં આવશે જ્યારે નવેમ્બર ડિસેમ્બર સત્ર માટે નવેમ્બર મહિનાના કોઇપણ રવિવારે લેખિત પરીક્ષાઓ રાખવામાં આવશે.

લેખિત પરીક્ષાની ઉતરવાહિનીઓ લેખિત પરીક્ષા પૂર્ણ થયાની બીજે જ દિવસે સંસ્થા ઉપર મોકલવાની રહેશે. ઉતરવાહિનીઓ કેન્દ્ર વ્યવસ્થાપક એ વિદ્યાર્થીઓ પાસે લેવડાવવાની રહેશે.

## પરીક્ષાવાર સમય મર્યાદા

| ક્રમ | પરીક્ષાનું નામ | સમય કુલ મિનિટ | પરીક્ષા દીઠ કુલ રૂપિયા |
|---|---|---|---|
| 1 | ગીત પરીચય ગાન | 10 મિનીટ | 10 |
| 2 | ગીત સંગીત ગાન | 15 મિનીટ | 15 |
| 3 | ગીત ગુંજન ગાન | 20 મિનીટ | 20 |
| 4 | ગીત તરંગ ગાન | 25 મિનીટ | 25 |
| 5 | ગીત રંજન ગાન | 30 મિનીટ | 30 |
| 6 | ગીત ગૌરવ ગાન | 50 મિનીટ | 50 |
| 7 | સંગીત પારંગત ગાન | 50 મિનીટ | 50 |
| 8 | સંગીત શિક્ષાગાન | 50 મિનીટ | 50 |

➢ **પરીક્ષક ને મળવા પાત્ર મહેનતાણું**

સંસ્થાની બન્ને સત્રની પ્રાયોગિક પરીક્ષા માટે પરિક્ષકશ્રીઓની જરૂરિયાત રહે છે. આ માટે સંસ્થા નીચે કામ કરતા કેન્દ્રોમાં કેન્દ્ર વ્યવસ્થાકશ્રીઓને પરીક્ષક તરીકે નિમણૂક કરવામાં આવે છે. આ સેવા બદલ નીચે મુજબ મુસાફરી ભથ્થાં અને વિદ્યાર્થી દીઠ પરીક્ષાનું મહેનતાણું, દૈનિક ભથ્થું અને રિક્ષા ભાડુ આપવામાં આવે છે. પરંતુ પરીક્ષા કાર્ય સમયસર પૂર્ણ કરવામાં ન આવે તો અથવા દર્શાવેલ મુજબ ગુણપત્રકો ભરવામાં ન આવે તો અથવા પરીક્ષાકાર્ય પૂર્ણ કર્યા બાદ દિવસ 3 માં પ્રાયોગિક પરીક્ષાનું ગુણપત્રક મોકલવામાં ન આવે તો આવા પરીક્ષકશ્રી ઓને સજારૂપે મહેનતાણાં સિવાયની રકમ આપવામાં નહી આવે.

1. પરીક્ષકશ્રીને જવા તથા આવવાની બસ રેલ્વે ની બે ટીકીટ આપવામાં આવશે.
2. પરીક્ષાની સમય માર્યાદામાં જણાવેલ વિદ્યાર્થી દીઠ મહેનતાણુ આપવામાં આવશે.
3. દૈનિક ભથ્થું રૂ. 100/- આપવામાં આવશે.
4. રિક્ષા ભાડુ રૂ. 100/- આપવામાં આવશે.

**<u>નોંધ</u>** બસ ભાડા સિવાય દૈનિક ભથ્થું દિવસ પ્રમાણે આપવામાં આવશે.

# અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ વેરાવળ

## સુગમ સંગીત નો અભ્યાસક્રમ

સુગમ સંગીત એટલે શું? જાણકારો અને વિદ્વાનોના પુસ્તકોનો તલસ્પર્શી અભ્યાસ કરતાં એવું માલુમ પડયુ છે કે સુગમ સંગીત એટલે કોઇપણ પ્રકારના ગીત ને સુગમ રીતે ગાવાની ક્રિયા.

- સરળ,સુબધ,તાલયુકત અને લયબધ્ધ ગીતને સુગમગીત કહેવાય.
- માનવીય સંવેદનાઓને વાચા આપતું ગીત એટલે સુગમ સંગીત.

## પરીક્ષા પહેલી ગીત પરીચય ગાન

### ગાયન તથા વાદન

| | |
|---|---|
| **પુર્ણાંક : 50** | **ક્રિયાત્મક : 40** |
| **મૌખિક: 10** | **ન્યુનતમ: 17** |

મૌખિક **શાસ્ત્ર :-**

1. રાગ ભુપાલીની માહિતી
2. સંગીત એટલે શું?
3. લય એટલે શું?
4. તાલ એટલે શું?
5. સ્થાય એટલે શું?
6. અંતરા એટલે શું?

**આ વર્ષના તાલો :-**

**1 તાલ ત્રિતાલ 2 તાલ દાદરા**

**મૌખિક શાસ્ત્રમાંથી કુલ દસ ગુણના પ્રશ્ન પુછવાના રહેશે.**

ક્રિયાત્મક :

1. રિયાઝ માટે કોઇપણ ત્રણ અલંકારની પ્રેકટિશ કરાવવી.
2. કોઇપણ એક પ્રાર્થના

3. કોઇપણ એક પારંપારિક રચના ગાવી.

4. કોઇપણ એક લોકગીત

5. રાગભુપાલી નું  સાદુ ગીત

6. દેશભક્તિગીત અને રાષ્ટ્રગીત

લય,તાલ,સ્વરનિયોજન,અવાજ મધુરતા,શબ્દોનું શુધ્ધ ઉચ્ચારણ,વાદ્યસુમેળ અને યોગ્ય રજુઆત વગેરે અપેક્ષિત છે.

## પરીક્ષા બીજી ગીત સંગીત ગાન

### ગાયન તથા વાદન

**પુર્ણાંક : 75** **ક્રિયાત્મક : 60**

**મૌખિક: 15** **ન્યુનતમ: 25**

મૌખિક **શાસ્ત્ર :-**

**1.** રાગ સારંગની માહિતી

2. શુધ્ધ સ્વરોનાં નામ

3. ગીતનો ભાવાર્થ

4. તાલ માહિતી

5. જાણીતા સુગમ સંગીત કલાકારો નાં નામ

6. પ્રાર્થના ની વ્યાખ્યા

ક્રિયાત્મક :-

**1.** રિયાઝ માટે કોઇપણ ત્રણ અલંકારની પ્રેકટિશ કરવી

**2.** કોઇપણ એક પ્રાર્થના (કિર્તન,સ્તવન,ભજન,આરતી વગેરે..)

**3.** કોઇપણ પરંપરાગત ઢાળવાળી ગીત રચના

**4.** કોઇપણ એક બાળગીત

**5.** રાગ સારંગનું સાદુ ગીત

**6.** દેશભક્તિગીત અને રાષ્ટ્રગીત

લય,તાલ,સ્વરનિયોજન,અવાજ મધુરતા,શબ્દોનું શુધ્ધ ઉચ્ચારણ,વાદ્યસુમેળ અને યોગ્ય રજુઆત વગેરે અપેક્ષિત છે.

## પરીક્ષા ત્રીજી ગીત ગુંજન ગાન

### ગાયન તથા વાદન

**પુર્ણાંક : 100** **ક્રિયાત્મક : 80**

**મૌખિક: 20** **ન્યુનતમ: 40**

**મૌખિક શાસ્ત્ર :-**

1. રાગ કાફીની માહિતી
2. રાગ દાદરાની માહિતી
3. તાલ રૂપકની માહિતી

ક્રિયાત્મક :-

1. રિયાઝ માટે કોઇપણ ત્રણ અલંકારની પ્રેકટિશ કરવી.
2. સુગમ સંગીતમાં વર્ષોથી ગવાતાં કોઇપણ બે ગીત ગાવા.
3. શાળાકીય કાવ્યોનું ગાન કરવું કોઇપણ એક
4. કોઇપણ એક ઋતુગીત ગાવું
5. સ્વાગત ગીત કોઇપણ એક
6. રાગકાફીનું સાદુ ગીત
7. દેશભક્તિગીત અને રાષ્ટ્રગીત

લય,તાલ,સ્વરનિયોજન,અવાજમધુરતા, શબ્દોનું શુધ્ધ ઉચ્ચારણ,વાદ્યસુમેળ, અને યોગ્ય રજુઆત વગેરે અપેક્ષિત છે.

# પરીક્ષા ચોથી ગીત તરંગગાન

## ગાયન તથા વાદન

**પુર્ણાંક : 125** **ક્રિયાત્મક : 100**

**મૌખિક શાસ્ત્ર : 25** **ન્યુનતમ: 45**

મૌખિક શાસ્ત્ર :-

1. રાગ ભીમપલાસી ની માહિતી
2. તાલ દાદરા, તાલરૂપક, તાલ ખેમટા, તાલ ત્રિતાલ
3. ભજન એટલે શું? અને ગઝલ એટલે શું?
4. અલંકાર એટલે શું?
5. ગીતનો ભાવાર્થ સમજાવો.
6. રાશ એટલે શું?

**ક્રિયાત્મક :-**

1. રિયાઝ માટે કોઇપણ ત્રણ અલંકારની પ્રેકટિશ કરવી
2. કોઇપણ એક પ્રકૃતિગીત
3. કોઇપણ બે ગઝલ (ગુજરાતી અથવા હિન્દી)
4. જાણીતા કલાકારો દ્વારા ગવાયેલા કોઇપણ બે સુગમ ગીતો.
5. નરસિંહ મહેતા,મીરાંબાઈ અને કબીર નાં પદોમાંથી કોઇપણ બે પદ ગાવા
6. જાણીતા કવિઓ દ્વારા લખાયેલ ગીત રચનાઓ માંથી ઉર્મિકાવ્ય તથા ગઝલ વગેરે બે ગીત ગાવા
7. રાગ ભીમપલાશીનું આલાપગીત
8. દેશભક્તિ ગીત અને રાષ્ટ્રગીત

લય, તાલ, સ્વરનિયોજન, અવાજમધુરતા, શબ્દોનું શુધ્ધ ઉચ્ચારણ, વાદ્યસુમેળ, અને યોગ્ય રજુઆત વગેરે અપેક્ષિત છે.

# પરીક્ષા પાંચમી ગીત રંજન ગાન

## ગાયન અને વાદન

| | |
|---|---|
| **પુર્ણાંક : 150** | **ક્રિયાત્મક : 100** |
| **મૌખિક: 50** | **ન્યુનતમ: 53** |

**મૌખિક શાસ્ત્ર :-**

1. રાગયમન કલ્યાણની માહિતી
2. તાલ દાદરા, તાલ રૂપક, તાલ હીંચ, તાલ ખેમટા, તાલ ત્રિતાલ
3. રાગ એટલે શું?
4. સ્વરોના પ્રકાર
5. કોમળ સ્વર એટલે શું?
6. લય ના પ્રકાર જણાવો.

**ક્રિયાત્મક :-**

1. રિયાઝ માટે કોઇપણ ત્રણ અલંકારની પ્રેકટિશ કરવી
2. પરંપરાથી ગવાતા કોઇપણ બે ભક્તિગીત ગાવા.
3. જાણીતા ગઝલકારો માંથી કોઇપણ બે ગઝલકારોની ગઝલ ગાવી.
4. ગુજરાતી કે હિન્દી ફિલ્મી ભક્તિ ગીતો કોઇપણ બે
5. કોઇપણ બે પ્રભાતીયા અથવા ભજન ગાવા
6. રાધા અને કૃષ્ણના નિર્મળ પ્રેમના કોઇપણ બે ગીત ગાવા
7. યમન રાગનું આલાપગીત ગાવું.
8. દેશભક્તિ ગીત અને રાષ્ટ્રગીત

લય, તાલ, સ્વરનિયોજન, અવાજમધુરતા, શબ્દોનું શુધ્ધ ઉચ્ચારણ, વાદ્યસુમેળ, અને યોગ્ય રજુઆત વગેરે અપેક્ષિત છે.

# પરીક્ષા છઠી ગીત ગૌરવ ગાન

## ગાયન તથા વાદન

**પુર્ણાંક : 200** **ક્રિયાત્મક : 150**

**લેખિત: 50** **ન્યુનતમ: 70**

લેખિત **શાસ્ત્ર :-**

1. સુગમ સંગીત એટલે શુ? અને તેની વ્યાખ્યાઓ
2. સુગમ સંગીત ની ઉત્ક્રાંતિ
3. સુગમ સંગીત નું બંધારણ અને તેનો પ્રચાર
4. રાગ દરબારી કાનડાની માહિતી
5. સુગમ સંગીતમાં ગવાતા ગીતપ્રકારો
6. અત્યારસુધી શીખેલા તમામ તાલો
7. ગઝલ એટલે શું?
8. લક્ષણગીત કોને કહેવાય
9. ઉર્મિકાવ્ય એટલે શું?

ક્રિયાત્મક :-

1. રિયાઝ માટે કોઇપણ ત્રણ અલંકારની પ્રેકટિશ કરવી.
2. કોઇપણ બે ઋતુગીત ગાવા
3. સ્વાગત ગીત, અભિનય ગીત, ભાવગીત, આમાંથી કોઇપણ બે ગીત ગાવા
4. નીચેની વંદનાઓમાંથી કોઇપણ બે વંદનાઓ કરવી
   (1) શિવ વંદના (2) કૃષ્ણ વંદના (3) સરસ્વતી વંદના
5. હિન્દી ગઝલોમાંથી કોઇપણ બે ગઝલો ગાવી.
6. હિન્દી ગેય કાવ્યોમાંથી કોઇપણ એક કાવ્ય ગાવું.
7. જાણીતા સુગમ સંગીત કલાકારો માંથી કોઇપણ ત્રણ ગીત ગાવા.
8. રાગ દરબારી નું વિલંબીત બડાખ્યાલ.
9. દેશભક્તિ ગીત અને રાષ્ટ્રગીત

લય, તાલ, સ્વરનિયોજન, અવાજ, મધુરતા, શબ્દોનું શુધ્ધ ઉચ્ચારણ,વાદ્ય સુમેળ, અને યોગ્ય રજુઆત વગેરે અપેક્ષિત છે.

## પરીક્ષા સાતમી ગીત પારંગત ગાન

### ગાયન તથા વાદન

| | | | |
|---|---|---|---|
| **પુર્ણાંક** | **: 300** | **ક્રિયાત્મક** | **: 200** |
| **લેખિત શાસ્ત્ર** | **: 100** | **ન્યુનતમ:** | **105** |

લેખિત **શાસ્ત્ર :-**

1. સુગમ સંગીત એક વિશ્વ ભાષા તરીકે
2. પરિવર્તનની પ્રક્રિયા
3. સુગમ સંગીત ના તત્વો
4. હિન્દુસ્તાની સંગીતના સિધ્ધાંતો
5. ઠુમરી એટલે શું?
6. તરાના એટલે શું?
7. ગાયકના ગુણદોષ
8. અત્યાર સુધી શીખેલા રાગોની માહિતી

ક્રિયાત્મક :-

1. રિયાઝ માટે કોઇપણ ત્રણ અલંકારોની પ્રેકટિશ કરવી.
2. કોઇપણ બે ૠતુ ગીત ગાવા
3. કવિશ્રી મેઘાણીના કાવ્યોમાંથી કોઇપણ બે કાવ્યો ગાવા.
4. કવિશ્રી દયારામ, કવિશ્રી બ્રહ્માનંદ, કવિશ્રી કલાપી વગેરે કવીઓના ગીતોમાંથી બે ગીત ગાવા
5. આકાશવાણી અમદાવાદ,વડોદરા,રાજકોટ અને ભુજ ઉપરાંત દુરદર્શન તથા અન્ય ચેનલો પર આવતાં સુગમ સંગીતના કાર્યક્રમો માં ગવાતા ગીતો માંથી કોઇપણ બે ગીત ગાવા
6. ગુજરાતી કવિઓના ગેયકાવ્યો કમ્પોઝ કરીને કોઇપણ બે ગાવા.

7. રાગ બહાર અને રાગમાલકૌંસ ના આલાપગીત તૈયાર કરવા.

8. દેશભક્તિગીત અને રાષ્ટ્રગીત

લય, તાલ, સ્વરનિયોજન, અવાજમધુરતા, શબ્દોનું શુધ્ધઉચ્ચારણ, વાદ્ય સુમેળ, અને યોગ્ય રજુઆત વગેરે અપેક્ષિત છે.

## પરીક્ષા આઠમી ગીત શિક્ષા ગાન

### ગાયન તથા વાદન

| | |
|---|---|
| **પુર્ણાંક : 300** | **ક્રિયાત્મક : 200** |
| **લેખિત શાસ્ત્ર : 100** | **ન્યુનતમ: 105** |

લેખિત **શાસ્ત્ર :-**

1. બાળકની મનોવૈજ્ઞાનિક અવસ્થાઓ
2. લાગણી અને આવેગનો તફાવત
3. ગીતોમાં વ્યકત થતો શ્રુગાંરરસ
4. બાળગીતોમાં ક્યા પશુ પક્ષીઓનો સમાવેશ થાય છે.
5. પ્રકૃતિગીતનું તમારા શબ્દોમાં વિશ્લેષણ કરો.
6. લોકગીતના પ્રકારો પૈકી હાલરડા અને લગ્નગીત વિશે લખો.
7. જાણીતા ગઝલકારો માંથી કોઇપણ બે ગઝલ કારની એક એક ગઝલ લખો.
8. અત્યાર સુધી શીખેલા તાલો પૈકી કોઇપણ ચાર તાલની માહિતી લખો.

ક્રિયાત્મક:-

1. રિયાઝ માટે કોઇપણ ત્રણ અલંકારોની પ્રેકટિશ કરવી.
2. દેશભકિત ગીત અને રાષ્ટ્રગીત
3. આ પરીક્ષામાં 100 ગુણ નું પાઠ આયોજન કરવાનું રહેશે. જેમાં નીચેના ગીતપ્રકારોનું પાઠ આયોજન કરો. (વાર્ષિક બે પાઠ આયોજન 100 ગુણ)

   **1.** કોઇપણ એક ગઝલ **2** કોઇપણ એક ઋતુગીત

   **3.** કોઇપણ એક લોકગીત

4. અત્યાર સુધી શીખેલા ગીતોમાંથી 25 ગીતોનો પાઠ આયોજનનો ચોપડો બનાવવાનો રહેશે. જેના 100 ગુણ રહેશે.
5. પરીક્ષક સમક્ષ કોઇપણ બે પાઠ આયોજન રજુ કરવાના રહેશે. જેનાં 100 ગુણ આ રીતે પ્રાયોગિક પરીક્ષાનો ગુણભાર 200 ગુણનો રહેશે.

લય, તાલ, સ્વરનિયોજન, અવાજ મધુરતા, શબ્દોનું શુધ્ધ ઉચ્ચારણ, વાદ્ય સુમેળ, અને યોગ્ય રજુઆત વગેરે અપેક્ષિત છે.

- **સુગમ સંગીતનાં અભ્યાસ ક્રમમાં કેવા ગીતો ગાઈ શકાય?**

સુગમ સંગીત ના અભ્યાસક્રમમાં મે અભ્યાસક્રમ ની વ્યાખ્યામાં જણાવ્યા મુજબ તમામ ગીતોનો સરવાળો કરતાં ગાવા માટે જે જવાબ આવે તે સુગમ સંગીતના અભ્યાસક્રમનાં ગવાતા ગીતો હોય એમ માની શકાય અત્રે સુગમ સંગીત વિષયક "**સુગમ સંગીતનું પુસ્તક**" લખનાર લેખકશ્રી "**જયદેવ વા. ભોજક**" ના મત પ્રમાણે સુગમસંગીત માં કોઇપણ ગીત ગાઈ શકાય દેશભક્તિ ગીત,રાષ્ટ્રગીત અને કુચગીત વગેરે પણ ગાઇ શકાય.

તેઓ આગળ લખતા જણાવે છે કે લોકસંગીતમાં હાલરડાં, લોકગીતો, ભજનો, ગઝલો ગાઇ શકાય એવા કાવ્યો ધાર્મિક અને ભક્તિ રચનાઓ,સંત ઓલીયાઓ દ્વારા રચેલા બોધાત્મક પદો ઉપરાંત કિર્તનો,સ્તવનો, અન્ય સંપ્રદાય ના પદો અને પ્રાર્થનાઓ, પ્રાદેશિક અને રાષ્ટ્રીય કક્ષાએ ગવાતા તમામ ગીતો, શ્રી જયદેવ વા. ભોજક કહે છે તે પ્રમાણે સુગમ સંગીત ને કોઇપણ ભાષા સાથે સંબંધ કરતાં ભાવ સાથે સંબંધ હોય છે. એટલે તેઓ સુગમ સંગીતને વિશ્વ ભાષા તરીકે ઓળખે છે.

એટલે સુગમ સંગીતમાં સામપ્રત સમય અનુસાર ખાસ કરીને ગઝલો, ગેયકાવ્યો વિશેષ ગવાય છે. પરંતુ મારા મત મુજબ નીચેના કોઇપણ કાવ્ય પ્રકારો ગાઈ શકાય.

1. લોકગીતના પ્રકારોમાંથી હાલરડા, "ઘણણણણ ડુંગરાઓ ડોલે શિવાજીને નિંદરડું ના આવે માતા જીજાબાઈ ઝુલાવે"

2. “હીલિલીલુ હાલાવાલા મારા નંદનાલાલા પારણીયે પોઢે યશોદાનો લાડલો રે લોલ...”
3. લોકગીતમાં અન્ય કોઇપણ પ્રકારના લોકગીત ધોળ વગેરે ગાઈ શકાય ભજનોમાં “રામ મારા તમે સીતાજીને તોલે ન આવો” આવા અનેક ગીત પ્રકારો ગાઈ શકાય.

ઉપર જણાવ્યા મુજબ ધાર્મિક, ભક્તિગીતો, ફિલ્મ ભક્તિગીતો, ફિલ્મી ગઝલો, આકાશવાણી અને દુરદર્શન પર ગવાતા ગીતો, પારંપારીક ઢાળ અને જાણીતા કલાકારો દ્વારા ગવાયેલા ગીતો શાળાના પાઠપુસ્તકમાંથી ગવાતિ કવિતાઓ તથા અત્રે તત્રે અને સર્વત્રે ગવાતા કોઇપણ પ્રકારના ગીતો સુગમ સંગીત માં ગાઇ શકાય.